# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૨૧ ● સળંગ અંક : ૭૨ ● તા. ૨૬ ઓક્ટોબરથી ૦૧ નવેમ્બર ૨૦૧૯




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






Happy Diwali
કોઈને જુઓ અને
તમારી અંદર રંગોળી પૂરાઈ જાય
ત્યારે સમજવું કે
આજે દિવાળી છે!
સર્વેને દિવાળી
તેમજ નવા વર્ષની શુભકામના
Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services
નીશિથ આનંદ દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પર્વોમાં મહાપર્વ દીપાવલી

દિવાળી અમાસના, અંધકારમાં આવતો તહેવાર છે. છતાં સૌના હૈયામાં ઉત્સાહ ઉલ્હાસ, ઉમંગના અજવાસ પથરાય છે. દિવાળીએ એક દિવસનો તહેવાર નથી. એક સાથે સળંગ પાંચ દિવસ પાંચ તહેવાર પર્વનો સમૂહ મહાપર્વ છે. એકાદશી વાકબારસ, ધનતેરસ, કાળી ચોદશ અને દિવાળી. આમ પંચક વર્ષનો ઝૂમખો એટલે દીપોત્સવી મહાપર્વ.

દિવાળી હિંદુ ધર્મ, સંસ્કૃતિનો મોટો તહેવાર છે. ચૌદ વરસના વનવાસ પછી રાવણ વધ કરી અયોધ્યા પાછા આવ્યા. આ ખુશાલીમાં અયોધ્યા વાસીઓ ઘરઘરમાં આંગણ, ચોક, ગલી રસ્તાઓમાં તોરણ-પતાકા, ધજા લહેરાવી અને દીપ પ્રગટાવી ખુશીનો ભાવ વ્યક્ત કર્યો. આતશબાજી કરી રાતના અંધકારને અજવાળી. આ પરંપરા આજ પર્યત જળવાઈ રહી છે.

દિવાળી વિક્રમ સંવતના આખરે આવતો તહેવાર છે. છતાં ખુશી, આનંદ અને હર્ષ વ્યક્ત કરી ઉજવાતો તહેવાર છે. દિવાળીના બીજા દિવસે નવા વિક્રમ સંવત વર્ષની શરૂઆત થાય છે. નવો વરસ નવી ઉમંગ, નવ આશા સાથે વીતે એવી શ્રધ્ધા વ્યક્ત થતી હોય છે. દિવાળી પર્વમાં ગણેશજી, માતા સરસ્વતી અને મહાલક્ષ્મીનું પૂજન કરવાની પરંપરા છે. લેખક, સાહિત્ય કારો, વિદ્યાર્થીઓ માતા સરસ્વતીની આરાધના કરે છે. વ્યાપારીઓ ચોપડાપૂજન દ્વારા શારદામાતાની, ધનપૂજન કરી મહાલક્ષ્મીની ભક્તિ કરી આશીષ વાંછના કરે છે. પ્રત્યેક સંસારિક પરિવારિક વ્યક્તિ રિદ્ધિ-સિદ્ધિ, સુખ શાંતિ આરોગ્યની કામના કરે એ સહજ છે. આખું વરસ સુખરૂપ વીતે એવી ઈચ્છા ધરાવે છે.

પરિવાર વડીલો દિવાળી પર્વને ઉત્સવની જેમ ઉજવે છે. નાના મોટા સૌ સાથે હળી મળી સુમેળથી, આનંદ ઉમંગથી, રીત રિવાજ સાથે પરંપારિક રીતે ઉજવાય એનું ધ્યાન રાખે છે. તો નાના બાળકો વેકેશનની મોજ અભ્યાસનો બોજ રાખ્યા વગર વિવિધ મીઠાઈ પકવાનો આરોગી મોજ માણે છે. દિવસ રાત આતશબાજી કરી આનંદ કરે છે. પરિવારની મહિલાઓ વિશેષ ધર્મ ધ્યાન, દેવ-દર્શન સાથે ઘર આંગણામાં દીપમાળા પ્રગટાવી, રંગોળી કરી, શુભ-લાભ અને ભલે પધાર્યાના સૂત્ર લખી મહાલક્ષ્મી પધારી પરિવારમાં સ્થિરતા કરે એવી ભાવના વ્યક્ત કરે છે.

ભારતીય સંસ્કૃતિના ઉત્સવોનો મર્મ સર્વે સુખીના સન્તુ સર્વે સન્તુ નિરામયની ભાવના વ્યક્ત કરે છે. વંચિતો, જરૂરતમંદો પણ ઉત્સવ ઉજવી શકે એ માટે આપણે તેને મદદરૂપ થઈએ. નાના બાળકો પણ અત્યારથી જ આ સંસ્કારો ધરાવી ઉત્સવ ઉજવણીનો સૌને મદદરૂપ થઈએ. નાના બાળકો પણ અત્યારથી જ આવા સંસ્કારો ધરાવી ઉત્સવ ઉજવણીઓ આનંદ માણે. તહેવારોની ઉજવણીની મધુરતા સૌ સાથે પ્રેમ આદર, સ્નેહના દીપક પ્રગટાવી ઉજવાય. તેનો આનંદ અનેરો હોય છે. એની પ્રતીતિ સૌને થાય એ દિવાળી પર્વનો મર્મ છે. પ્રકાશ માત્ર બ્રાહ્મરૂપે નહીં. આંતરિક પથરાય એ જરૂરી છે.

નવું વરસ નવી આશા. નવા તરંગ, નવી લહેર સાથે આપણે પામીએ એ જ શુભ કામના. સૌ જ્ઞાતિજનોને નૂતન વર્ષાભિનંદવન.

- જય જ્ઞાતિમૈયા

# કેડીઓ વિદ્યાર્થી સંઘ દ્વારા સિવિલ સર્વીસ વિષે ગાઈડન્સ સેમિનાર

શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહ ઘાટકોપર, શ્રી શિક્ષણ પ્રચારક સમિતિ (એસ.પી.એસ.ટ્રસ્ટ) તથા શ્રી કેડીઓ વિદ્યાર્થી સંઘના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬ નવેમ્બર શનિવાર બપોરે ૩ કલાકે વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહ, ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ, પહેલા માળે, પોડિયમ કામાલેન, ઘાટકોપર (પશ્ચિમ) સ્થળે સિવિલ સર્વીસ જેવી કે આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.આર.એસ, વિષય માર્ગદર્શન સેમિનારનું આયોજન કરાયું છે.

આ સેમિનારમાં માર્ગદર્શક વક્તા કરીકે દર્શન મોમાયા IP & TAFS જોઈન્ટ, સેક્રેટરી, મિનીસ્ટ્રી ઓફ હ્યુમન રીસોર્સ ભારત સરકાર નવી દિલ્હી, દિલીપ નાગડા (IPS) જોઈન્ટ કમિશ્નર ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ મુંબઈ, પ્રિયેશ ભેદા IRS જોઈન્ટ કમિશ્નર GST મુંબઈ તથા રાજીવ જૈન, IRTS, CCM વેસ્ટર્ન રેલ્વે ચર્ચગેટ ઉપસ્થિત રહેશે. રજીસ્ટ્રેશન ચાર્જીસ રૂા. ૧૦૦ (રીફંડેબલ) છે. વધુવિગત માટે સંપર્ક ઉજ્વલ લોડાયા ૯૦૨૮૮૯૪૪૧૩ તથા રાજેશ જોશી ૯૦૨૭૬૩૩૦૮૬૫.

# શ્રી સાંધાણ તીર્થ જિનાલય પંચાન્હિકા મહોત્સવ પ્રસંગે સ્લોગન સ્પર્ધાનું આયોજન

કચ્છ અબડાસાના ઐતિહાસિક નગર સાંધાણના શાંતિનાથ નવટુંક જિનાલયનો જીર્ણોધ્ધાર થઈ પુનઃ પ્રતિષ્ઠા પ્રસંગે પંચાન્હિકા મહોત્સવ નવેમ્બર ૨૦૧૯ના ભવ્ય રીતે આયોજન કરાયું છે. આ પ્રસંગે સાંધાણ યુથફ્રન્ટ દ્વારા સ્લોગન સ્પર્ધા આયોજિત કરાઈ છે.

જેના નિયમો નિમ્ન લિખિત મુજબ છે. જેનું પાલન કરવું જરૂરી છે.

૧) આ સ્પર્ધા બધા માટે ઉપલબ્ધ છે. ૨) સ્લોગન શ્રી સંધાણ શાંતિનાથ નવટુંક જિનાલયની પ્રશંસા અને ભક્તિમાં હોવું જોઈએ. ૩) સ્લોગન ધાર્મિક અનન્ય, સુંદર અને ભિન્ન હોવું જોઈએ. ૪) સ્લોગન ગુજરાતી, અંગ્રેજી કે હિન્દી ભાષામાં રજૂ કરી શકાશે. ૫) આ સ્પર્ધાના વિજેતાની જાહેરાત અને તેને પુરસ્કાર મહોત્સવ દરમ્યાન આપવામાં આવશે. ૬) સ્લોગન રજૂ કરવાની આખરી તારીખ ૨૭ ઓક્ટોબર ૨૦૧૯ રવિવાર સુધીની છે. ત્વરા કરો અને તમારા સ્લોગન ઝટ મોકલો.

નરેશ ૯૮૧૯૭૬૩૩૮૯, તિવેશ ૯૩૨૨૩૦૭૮૧૭, કેતન ૯૮૨૦૮૯૫૨૫૬ તથા કિરણ ૯૦૦૪૩૯૯૯૯૫.

## અમારૂં નવું સરનામું અને ફોન

**શ્રી અભય ત્રિકમજી મૈશરી (મોટી સિંધોડી)** : ફ્લેટ નં-૧૩, ૩ જે માળે, મંજુલા સોસાયટી, મચ્છી માર્કેટ પાસે , ગુપ્તે રોડ, ડોંબિવલી (પશ્ચિમ) - ૪૨૧ ૨૦૨. મો. નં. 9022829038

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# માનવજ્યોત ભુજના પ્રબોધ મુનવરને ‘સંસ્કાર એવોર્ડ’ અર્પણ કરાયો




સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ, સંસ્કાર સ્કુલ ભુજ દ્વરા માનવજ્યોતનાં પ્રબોધ મુનવરને ‘સંસ્કાર એવોર્ડ‘ અર્પણ કરાયો. સંસ્કાર સ્કુલમાં યોજાયેલ ભવ્યાતિભવ્ય કાર્યક્રમમાં સ્કુલનાં તેજસ્વી સમાજસેવક અને નિષ્ઠાવંત મૂકકાર્યકર પ્રબોધ મુનવરની માનવ સેવા અને જીવદયા સેવાઓની નોંધ લઈ કચ્છ મોરબીનાં સાંસદ વિનોદભાઈ ચાવડાનાં વરદ્ હસ્તે સન્માન કરી તેઓની સેવાઓને બિરદાવવામાં આવેલ. વિનોદભાઈ ચાવડાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, પ્રબોધ મુનવર એટલે કચ્છ સમાજની સરકાર છે. જેમણે અનેક વિવિધ પ્રવૃત્તિઓ કચ્છનાં ખૂણે ખૂણે પહોંચાડી જરૂરતમંદ લોકો વચ્ચે માનવ કાર્યોની સેવાઓને પહોંચાડી છે. અનેક લોકોને મદદરૂપ બન્યા છે. સ્કુલનાં ડાયરેક્ટર કિરીટભાઈ કારીયા, આચાર્ય જગદીશભાઈ તથા સર્વે સ્ટાફ તથા વાલીગણ, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યાં હતા.




# સુજાપુર ગામે શ્રી ભલારા દાદા તથા કુળદેવી સચ્ચાઈમાતાના સ્થાનકનો જિર્ણોધ્ધાર થશે

કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના સુજાપુર ગામમાં આવેલા પૂજનીય ભલારા દાદા તથા કુલદેવી સચ્ચાઈ માતાનું સ્થાન જિર્ણોધ્ધાર માંગે છે. આ કામ માટે નિષ્ણાત સોમપુરાઓ સાથે ચર્ચા કરી અમદાવાદથી ૬૦ કિ.મી.ના અંતરે આવેલ જૈનતીર્થમણિ લક્ષ્મીતીર્થના સોમપુરા હરીશભાઈની કામગીરી જોઈ તેમજ તેમના દ્વારા અપાયેલ વાજબી ભાવને લીધે આ કામ તેમને સોપવાનું નક્કી કરેલ છે. સ્થાનિક સોમપુરા સંજ્યભાઈ કામની દેખરેખ સાથે બંન્ને વિદ્વાન વાસ્તુશાસ્ત્રી તથા શિલ્પ શાસ્ત્રી નાના ઉતમ દ્રન્ટીથી આ નિર્માણ કાર્ય ભવ્ય રીતે થશે એવો વિશ્વાસ છે.



મંદિરમાં છત, પિલ્લર, બારી-બારણાં, દરવાજા, છત શિખર વિગેરેમાં ક્યાંય લોખંડ વપરાય નહીં. જ્યાં ધાતુના જરૂર હશે ત્યાં તાંબુ, પિતળ વાપરવું. મંદિર જોધપુરી પથ્થરનું બનશે. કોલમ, બિંબ જોધપુરથી તૈયાર થઈ-ઘડાઈને સ્થ ાનિકે આવશે અને અત્રે ફિટીંગ થશે. બને તેટલી ત્વરાથી કાર્ય શરૂ કરી થોડા મહિનામાં ભવ્યમંદિર તૈયાર થઈ કાર્ય પૂર્ણ થાય એવી નેમ છે.

આ ભવ્ય કામ સંયુક્ત જવાબદારીનું છે. જે સૌના સાથ-સહકારથી પૂર્ણ કરવાનું છે. સૌ યથા યોગ્ય યોગદાન આપી હાથ લંબાવી સાથ આપી દાદાની ભક્તિ અને માડીની શક્તિનો લાભ લે.

નીચે મુજબ લાભ લેનાર ભાગ્યશાળીનું નામ તકતીમાં લખવામાં આવશે.

- કમ્પાઉન્ડ મુખ્ય પ્રવેશ દ્વાર (મુખ્યનામ) રૂા. ૨,૫૧,૦૦૦/-
- ગોલ્ડન સ્તંભ રૂા. ૧,૫૧,૧૧૧/-
- સિલ્વર સ્તંભ રૂા. ૧,૧૧,૧૧૧/-
- આધાર સ્તંભ રૂા. ૫૧,૦૦૦/-
- પૂ.દાદાના સિંહાસનના લાભાર્થી રૂા. ૫૫૦૦૦/-
- પૂ. કુળદેવ માતા જીના સિંહાસન લાભાર્થી રૂા. ૫૫,૦૦૦
- રૂા. ૧૧,૧૧૧ નો સહયોગ આપનાર પ્રત્યેનું નામ તકતીપર અંકિત કરવામાં આવશે. સર્વે ભલારાદાદા તથા સચ્ચાઈ માતાના શ્રધ્ધાળું ભક્તો આમાં શ્રધ્ધાભક્તિ સ્વરૂપે તન મન ધનથી સાથ સહભોગ આપે એ ભાવના સાથે ભૂવા કિશોરભાઈ જીવરાજ સાંયા, ૧૬ વન વિહાર સોસાયટી વ્યાયામ શાળા પાસે ભુજ કચ્છ ૩૭૦૦૦૧ મો નં. ૯૪૨૭૪ ૫૦૫૦૦ / ૯૫૮૬૨૫૦૫૦૦ નો સંપર્ક સાધવો.

# લવ ફોર કાઉ દ્વારા હૈદ્રાબાદમાં ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાયો

તાજેતરમાં હોટલ તાજ ડેક્કનમાં ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાયો. જેમાં લોકસભા સ્પીકર ઓમ બીરલાને સ્મૃતિ ચિન્હ આપી લવ ફોર કાઉ ફાઉન્ડેશન (Love For Cow)ના ચેરમેન જસમત પટેલ, ટ્રસ્ટી રિદ્ધિશ જાગીરદાર જૈન, તરૂણ મહેતા દ્વારા કરાયું આ અવસરે કેન્દ્રના ગૃહ રાજ્યમંત્રી જી. કિશન રેડ્ડી પણ ઉપસ્થિત રહ્યાં હતા.




# ગોરેગાંવ સંઘમાં નમિઉણ સ્તોત્ર પાઠ સહિત અષ્ટ પ્રકારી પૂજા કરાઈ









શ્રી ગોરેગાંવ અચલગચ્છ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હિતગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં મલાડ અચલગચ્છ સંઘના યુવક મંડળના સથવારે નમિઉણ જાપની ત્રીજી નવકાર વાળીનો છેલ્લા મણકાની ઉજવણી રૂપે નમિઉણ સ્તોત્રના પાઠ સહિત પ્રભુને અખંડ અભિષેક કરી અષ્ટપ્રકારી પૂજા ભાવપૂર્વક કરાઈ. આ અવસરે સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ આસ્થા સાથે ધર્મ આરાધનાનો લાભ લીધો હતો.

# સમસ્ત મહાજન મેડિકલ સમિતિ દ્વારા હાર્ટ ચેકઅપ કેમ્પને મળ્યો અભૂતપૂર્વ પ્રતિસાદ

શ્રી મુંબઈ મહાજન સંચાલિત નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ અને શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના સંયુક્ત ઉપક્રમે ઐતિહાસિક પહેલથી તા. ૨૯ સપ્ટેમ્બરના વર્લ્ડ હાર્ટ દિવસને અનુલક્ષીને બે રવિવારનો પ્રથમ હેલધી હાર્ટ ચેકઅપ કેમ્પ વોકહાર્ટ હોસ્પિટલ મુંબઈ સેન્ટ્રલમાં તા.૬ ઓક્ટોબર રવિવારના રખાયો હતો.

હાર્ટ ને લગતી વિવિધ ટેસ્ટ જે રૂા ૩ હજારની કોસ્ટની થાય તેને બદલે રાહત દરે માત્રા રૂા. ૩૯૯માં કરાઈ હતી. જેમાં રેન્ડમ બ્લડસુગર બી.એમ.આઈ.બી.પી. કંમ્પલીટ લીપીડ પ્રોફાઈલ, ઈસીજી અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કાર્ડિયોલોજીસ્ટ ડૉ. રવિ ગુપ્તાની કન્સ્લટીંગ ફી સામેલ હતી.

દરેક તપાસ દારોના રીપોર્ટ અને બીમારી વિષયક સવાલો જાણી એસ્પર્ટ ડૉક્ટરએ ઈલાજ સારવાર અને સલાહ આપી હતી. સૌને ૨-ડીએકો સ્ટ્રેસ ટેસ્ટ અને કાર્ડિયાલોજીસ્ટ કન્સલ્ટીંગ સેશનના રૂા. ૫૦૦૦ કિંમતના ફ્રી કૂપન સૌને અપાયા.

આવેલ સૌ સમસ્ત મહાજનના ગ્લોબલ કાર્ડ સાથે લાવ્યા હતા અને જેઓ ગ્લોબલ કાર્ડ ધારક ન હતા એવા ૨૩ નવા ગ્લોબલ કાર્ડ માટે ફોર્મ ભર્યા હતા અને સમસ્ત મહાજનને આગળના કાર્યવાહી માટે સોંપાયા હતા.

# હુબલીમાં દાંડિયા-ગરબા રાસમાં કેડીઓ યંગસ્ટાર ગ્રુપ પ્રથમ ઈનામ વિજેતા થયા

હુબલી નગરમાં નવરાત્રીના સાર્વજનિક આયોજનમાં દાંડિયા અને ગરબારાસ કોમ્પિટિશનમાં કેડીઓ યંગસ્ટાર ગ્રુપ પ્રથમ નંબરે વિજેતા થઈ ટ્રોફી સાથે રૂા. બે લાખનું કેશ પ્રાઈઝ મેળવ્યું.

આ ગ્રુપના સહભાગ લેનાર યુવા ખેલૈયાઓ હતા. આદિશ ખોના, દ્રષ્ટિ શાહ, પૂજા છેડા, હિરેન છેડા, અક્ષય મોમાયા, હિતેશ ખોના, ભાવેશ ખોના, નિકિતા મોમાયા. ભાવેશ લોડાયા અને કરિશ્મા પટેલ. આ યુવા ટીમને અભિનંદન.





**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી તામિલનાડુ ગુજરાતી સમાજનો સરસ્વતી સન્માન તિરૂપુર મધે યોજાયો




તા. ૨૦ ઓક્ટોબર રવિવાર દિને શ્રી તામિલનાડુ ગુજરાતી સમાજ દ્વારા રાજ્યના બધા સેન્ટરના વિદ્યાર્થીઓ માટે સાલેમ મધે યોજાયો. સર્વે સન્માનિત વિદ્યાર્થી-વિદ્યાર્થીઓમાં શિષ્ટ સન્માનપત્ર આપી બહુમાન કરાવું. તિરૂપુર સેન્ટરના પાંચ સભ્યોનું પણ વિશેષ સન્માન કરાયું આજ દિવસે સમાજની વાર્ષિક સર્વસામાન્ય સભાપણ યોજાઈ હતી.








**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9322257731**

**Shree Samasta KDO Jain Mahajan**

Job Vacancy for Executive/ Manager
Location : Mumbai
Qualification : Graduate
Gujarati Language proficiency must.
Experience : 2 Yrs & Above as Executive/Mgr
Profile : To manage all the projects & Administrative work of the institution

**Skill Set Required**

- Computer knowledge
  Ms - Office, Internet & Website handling
- Physically Fit, Energetic
- Good coordination
- Good Verbal & written Communication
- Basic Banking & Accounting

**Salary : Rs. 25000/- +**

Intrested Male/Female with the age up to 55 can apply on
smvacancymumbai@gmail.com
OR
WhatsApp Your CV on 9869576527


KDO
દિવાળી તહેવારના શુભદિવસો આપ સૌને માટે
મંગલમયી બની રહે એવી શુભેચ્છાઓ સાથે
શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન પરિવાર
આપ સહુ જ્ઞાતી પરિવારજનોને
દિપાવલીના પાવન અવસરે
અનેકાનેક અંતરની ઉર્મીઓ અને
ભલી લાગણીઓ સહ
શુભકામનાઓ અને
નૂતનવર્ષના અભિનંદન પાઠવીએ છીએ.
-KDO B2B TEAM
शुभ दीपावली
KDO BUSINESS

# સુથરી તીર્થમાં યોજનારા આગામી પ્રસંગો

સાધ્વી મુખ્યા પ્રવતીની મહાતરા પૂ. વસંત પ્રભાશ્રીજી મહારાજ સાહેબના સંયમ જીવનના ૬૬ વર્ષના લાંબા પર્યાયના અવસરે આસંબીયા થી છરી પાલિત સંઘ સાથે સુથરી પધારી રહ્યા છે. છરી પાલિત સંઘમાં પૂ. આચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રા હશે સાથે અન્ય આચાર્યો મુનીવરો તથા બહોળી સંખ્યામાં શ્રમણીવૃંદની નિશ્રા હશે. છરી પાલિત સંઘનું પ્રસ્થાન તા.૨૪-૧૧-૨૦૧૯ થશે.


સુથરી તિર્થે પ્રવેશ તા. ૨-૧૨-૨૦૧૯ અને સંઘ માળ તા. ૩-૧૨-૨૦૧૯ ના દિવસે. સુથરી તિર્થ મધ્યે થશે. પૂ. વસંત પ્રભાશ્રીજીએ આ દિવસે ૬૬ વર્ષ પુર્વે સુથરી તિર્થમાં દિક્ષા અંગીકાર કરેલ.

તા. ૬-૧૨-૨૦૧૯ થી ૮-૧૨-૨૦૧૯ દરમ્યાન પૂ. સાધ્વીશ્રીજી મહોદયાશ્રીજીના સંયમ જીવનના અનુમોદના. અઢાર અભિષેક તથા સુથરીના લાડલા ચી.ગૌતમ મનીષ મણીલાલ લોડાયાની ભગવતી દિક્ષાના પ્રસંગો આવી રહ્યા છે.

# માનવજ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

માનવ જ્યોત દ્વારા મેડીકલ ક્ષેત્રે અનેક સેવામાંથી એક છે આંખોના મોતિયાના ઓપરેશન, જે વિનામુલ્યે / રાહત દરે કરાવી આપવામાં આવે છે. દેશ-વિદેશના દાતાઓ દ્વારા તેમજ માનવજ્યોતના પાયાના સુત્રધાર ટ્રસ્ટીશ્રી રમેશભાઇ ઠક્કર દ્વારા આજ સુધી દશ હજારથી વધુ ઓપરેશનો સફળતાપૂર્વક પાર પાડ્યા છે.

ગુજરાતના અંતરિયાળમાં તેમજ ગરીબ વિસ્તારોમાં વિખ્યાત આઇ હોસ્પિટલ દ્વારા અનેક જરૂરતમંદોને તદન વિનામુલ્યે ઓપરેશન કરાવી આપવામાં આવ્યા છે.




# નવા સંજીવની પેટ્રનો

## પ્લેટિનમ પેટ્રન: શ્રી કેડીઓ જ્ઞાતિ મહાજન, બેંગલોર
## સિલ્વર પેટ્રન: શ્રી રવિન્દ્ર હરીશ મુનવર, બેંગલોર



શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજનની મેડિકલ કમિટિ જ્ઞાતિના જરૂરતમંદો માટે ઇમર્જન્સી મેડિકલ સારવાર પૂરી પાડવાના પ્રયાસોમાં મદદરૂપ થવા તથા એ માટે ડોનેશન્સ આપવા બદલ બેંગલોરના શ્રી કેડીઓ જૈન મહાજન તેમજ રવિન્દ્ર હરીશ મુનવરનો ખૂબ જ આભાર માને છે. એમની આ ઉદારતા માટે સૌનો ખૂબ ખૂબ આભાર.

શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, બેંગલોરના દાતાઓની નામાવલી : પંકજ એલ. ધરમશી, ધિરેન જી. કુરુવા, સંદીપ એમ. પટેલ, ચેતન એમ. ધરમશી, શામજી આર. લોડાયા, ભરત આર. શાહ, કિરીટ એચ. લોડાયા, પરેશ ડી. ધરમશી, અજય એલ. ધરમશી.

આ શુભકાર્યની પહેલ કરવા માટે બેંગલોરના શ્રીમતી સ્મિતા પંકજ ધરમશીનો વિશેષ આભાર માનવામાં આવે છે. સ્મિતાબહેનની એવી ઇચ્છા હતી કે બેંગલોર પણ સંજીવની પેટ્રોન સ્કીમનો હિસ્સો બને. એમના નિષ્ઠાભર્યા પ્રયાસો, ધગશ તથા સમાજના જરૂરતમંદોને મદદરૂપ થવા માટેના એમના કરુણાભાવનું આ શુભ પરિણામ આવ્યું છે. એમના પ્રયાસોમાં અન્ય દાતાઓ પણ મદદરૂપ થયા અને ટૂંકા ગાળામાં તેઓ એક લાખ રૂપિયા એકત્ર કરી શક્યા.

સ્મિતાબહેન આટલેથી ન અટક્યા. તેઓ સંજીવની લાઇફટાઇમ પેટ્રોન પણ બન્યા અને દરેક સંજીવની કેસમાં ૧,૦૦૦ રૂપિયા ડોનેટ કરશે.

સંજીવની પેટ્રન સ્કીમ સહિતની વિવિધ સ્કીમો બાબતે બેંગલોર કેડીઓમાં જાગૃતિ લાવવા માટે અમારા મેનેજિંગ ટ્રસ્ટી કિર્તીભાઇ ધનજી ધરમશી, સિનિયર સિટિઝન કમિટિના અધ્યક્ષ શ્રીમતી હેમાબહેન છેડાના પણ અમે ખૂબ જ આભારી છીએ. સંજીવની પેટ્રનેજ માટે અમને બેંગલોરમાંથી બહુ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. વિવિધ સ્કીમો બાબતે જાગૃતિ ફેલાવવાના કાર્યમાં હિસ્સેદાર બનવા અમે અન્ય મહાજનોને પણ વિનંતિ કરીએ છીએ, જેથી જ્ઞાતિના વધુમાં વધુ જરૂરતમંદ લોકો એનો લાભ લઇ શકે.


**Shree Samasta KDO Jain Mahajan**

Job Vacancy for **Executive/ Manager**
**Location :** Mumbai
**Qualification :** Graduate
**Gujarati** Language proficiency must.
**Experience :** 2 Yrs & Above as Executive/Mgr
**Profile :** To manage all the projects & Administrative work of the institution

**Skill Set Required**

- Computer knowledge
  Ms - Office, Internet & Website handling
- Physically Fit, Energetic
- Good coordination
- Good Verbal & written Communication
- Basic Banking & Accounting

**Salary : Rs. 25000/- +**
Intrested Male/Female with the age up to 55 can apply on
**smvacancymumbai@gmail.com**
OR
WhatsApp Your CV on **9869576527**




● રાપરની ૨૦ વર્ષીય દીકરી દેવાંશી દિનેશભાઈ પંચાલ કાળોતરા નાગ અને મોટા મોટા અજગરને હાથમાં લઈ રમાડે છે. રાપરની સરકારી અયોધ્યાપુરી કન્યાશાળામાં પ્રાથમિક શિક્ષણ, રાપરની જ સરસ્વતી કન્યા વિદ્યાલયમાં માધ્યમિક શિક્ષણ પૂરો કરી ઉચ્ચ શિક્ષણ ગાંધીનગરમાં મેળવી વિજ્ઞાનમાં સ્નાતક થઈ ગાંધીનગરમાં ફોરેન્સિક સાયન્સમાં અનુસ્નાતકનું ભણે છે. નાનપણથી તેને પર્યાવરણને ઉપયોગી થતા સાપ જેવા જીવો પ્રત્યે લગાવ હતો. પોતાના રસના વિષય તરીકે દેવાંશી ગાંધીનગરમાં ઠેક ઠેકાણે નીકળતા સાપ પકડીને સુરક્ષિત જગ્યાએ તેને પહોંચાડે છે.

● ભુજને અદ્યતન શોપિંગ મોલ, મલ્ટિપ્લેક્સ થિયેટર, હોટલ રેસ્ટોરાં સહિતની સુવિધા ધરાવતું આઈકોનિક બસ પોર્ટ ડિસેમ્બર ૨૦૨૦ સુધી મળી જશે. ચાલીસ કરોડની ખર્ચે ૧૨૫૦૦ સ્કે. મીટરના મુખ્ય વિસ્તારમાં કામ પૂરજોશમાં ચાલુ છે. ડેપોમેનેજર કક્ષ, બુકીંગ ઓફિસ, પાર્સલ ઓફિસ, પૂછપરછ વિભાગ, કામદારો માટે વિશ્રાંતિસ્થાન સહિત કર્મચારીઓની કચેરી જેવી સુવિધાનું નિર્માણ પણ આ બિલ્ડીંગમાં કરાશે. પીપીપી એટલે કે પબ્લિક પાર્ટનરશીપ પ્રોજેક્ટ હેઠળ સંચાલિત થશે.

● કચ્છનાં ધોરડો ખાતે સફેદ રણમાં દર વર્ષની જેમ ૧લી નવેમ્બર થી ૨૦ ફેબ્રુઆરી સુધી રણોત્સવ યોજાશે. આ વર્ષે સફેદ રણમાં વરસાદી પાણી ભરાયા હોવાને કારણે ડિસેમ્બરના બીજા સપ્તાહ સુધી સફેદ રણમાં પાણી સૂકાઈ જવાની શક્યતા છે. એટલે ડિસેમ્બરના બીજા સપ્તાહથી શ્વેત રણનો નજારો પ્રવાસીઓ છૂટથી માણી શકશે.

● કચ્છમાં અઢી વર્ષ સેવા કાર્યરત રહેલ કલેકટર રમ્યા મોહનની બદલી થતાં તેમને સન્માન આપીને વિદાય સમારોહનું આયોજન બન્નીના ૧૯ ગામોના આગેવાનો દ્વારા યોજાયો. આ પ્રસંગે પ્રતિભાવ આપતા રેમ્યા મોહનએ કચ્છી જનોની જીવન શૈલી, સંસ્કૃતિ અને સંસ્કાર પ્રેમ લાગણી આપવાના છે તેમજ કચ્છ બન્નીના લોકોની સંસ્કૃતિ, સંસ્કાર જીવનમાં કદીય નહીં ભુલાય એવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી.

● ભુજ અને અંજાર મધ્યે ટૂંક સમયમાં રેડક્રોસ દ્વારા ત્રણ કરોડના ખર્ચે અદ્યતન બ્લડબેંક શરૂ કરાશે. તેવી જાહેરાત રાપરના સરકારી સામૂહિક આરોગ્ય કેન્દ્ર મધ્યે રાપર ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી આયોજિત રક્તદાન કેમ્પના આયોજન પ્રસંગે કરાઈ હતી.

● કચ્છની બહેનોના લોહીમાં હસ્તકળા વહે છે. જેને પિછાણી માર્કેટિંગ સુધીની સમજ કેળવે તો તેમના કામનું યોગ્ય વળતર મેળવી શકે તેવો સૂર મિરજાપર ભૂજ પાસે આવેલા આઈસીએ એજ્યુકેશન સ્કિલ પ્રા. લિ. સંચાલિત પ્રધાનમંત્રી કૌશલ કેન્દ્ર ખાતે યોજાયેલ ત્રીજા રોજગાર ભરતી મેળામાં વ્યક્ત કરાયા હતા. રોજગાર ભરતરીમાં ૨૦૦ જેટલી તાલીમાર્થઓ માંથી ૧૨ જેટલી ખાનગી કંપનીના પ્રતિનિધિઓ ૭૦ તાલીમાર્થીઓને પસંદ કર્યા હતા જેમને બીજા રાઉન્ડમાં કંપની ખાતે ઈન્ટરવ્યુ લઈ પસંદ કરાશે.

● કચ્છી મેવાની ઓળખ પામેલ મીઠી મધ જેવી ખારેકનું ઝાડ ઉનાળાના આખરે ફળ આપે પછી ખારેકડીના રૂક્ષ વૃક્ષો બીજી વખત તેના ફળા (પાંદડા) પણ ઉપયોગી થાય એવું કામ આપે છે. ઘરઆંગણાને ચોખ્ખા ચણક રાખતી સાવરણી બનાવટમાં આ ફળા ભારે ઉપયોગી થાય છે. પાવરપટી પંથકના પાલનપુર, લોરિયા, ઝુરા, જતવાંઢ ગામોના સીમાડામાં ખારેકના વૃક્ષો વધુ પ્રમાણમાં ફૂલ્યાં ફાલ્યાં છે. તેના પાંદડા જે 'ફળા તરીકે' ઓળખાય છે. કટિંગ થયેલા આ ફળા વાડી માલિકો નકામા ગણી નાશ કરી નાખે છે. ત્યારે આ ફળાનો સદ્‌પયોગ મોડાસા અને રાજસ્થાનના અનેક ગરીબ પરિવારો કચ્છ આવી પ્લાસ્ટિકની તાલપત્રીના નાના કાચાં ઝૂંપડા બનાવી બાલ બચ્ચાં સાથે સાવરણીઓ બનાવે છે. અન્ય વિસ્તારની ખારેકડીના ફાળા કરતાં આ વિસ્તારના ફળા લાંબા, મજબૂત, સુંવાળા હોતાં સાવરણી બનાવવામાં સરળતા રહે છે. દરમ્યાન એક વ્યક્તિ ૨૦૦ થી ૨૫૦ રૂા. મજૂરી સહેલાઈથી કમાઈ લે છે. આ પરિવારો દ્વારા થતી સાવરણી નાની રૂા. પાંચ અને લાંબા હાથ સાથેની રૂા. ૧૦માં સહેલાઈથી વેંચાઈ જાય છે.

# કે.ડી.ઓ. જૈન સંઘ – કાંજુરમાર્ગ

આસો માસની નવરાત્રી દરમ્યાન દરરોજ બપોરે મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવી હતી. રાત્રે અંબેમાની આરતી તથા રાસ-ગરબામાં સારી રમઝટ જામી હતી. સારી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો.

આસો માસની શાશ્વતી આયંબીલની ઓળી કરાવવામાં આવી હતી. આયંબીલમાં સારી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધેલ હતો. આયંબીલના લાભાર્થી પરિવાર માતુશ્રી કુંવરબાઇ વિસનજી માંયા મોતા (વિક્રોલી), માતુશ્રી વીજયાબાઇ વેરશી માંયા મોતા (વર્સોવા-સુથરી) એ લાભ લીધેલ હતો.

આયંબીલની વ્યવસ્થા માટે શા. પ્રતાપ મુલજી પીરનો સારો સાથ-સહકાર મળેલ હતી. પોતાની રૂમ આયંબીલ કરવા માટે આપેલ હતો. તેમનો ખૂબ ખૂબ ધન્યવાદ. શ્રી અનંતનાથજી ટ્રસ્ટ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઇ મોતા, હીનાબેન મોતા અત્રે પારણામાં પધારેલ.

---

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**







## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।



## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.



## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day

## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO